सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ: ૧૬ | એપ્રીલ ૧૯૯૬ | અંક: ૪

## વાલીઓને......

આ વર્ષે પ્રવાસની પ્રવૃત્તિ બધા જ વર્ગોને આપી શકયા છીએ તેનો આનંદ છે. વાલીઓ જે ઉત્સાહથી બાળકને મોકલે છે તેનાથી અમને પ્રોત્સાહન અવશ્ય મળે છે, પરંતું આ પ્રવૃત્તિઓનું આયોજન આજની પરિસ્થિતિમાં કરવું કેટલું મુશ્કેલ છે તેનો ખ્યાલ તેમને ભાગ્યે જ હશે. સારી વાત એ છે કે ધંધાકીય આયોજન કરતી સંસ્થાઓનો સહકાર લઈને કેટલુંક કાર્ય અમે ઉકેલીએ છીએ. આ સંસ્થાઓ પણ યશની અધિકારી છે. સંસ્થાની પ્રતિષ્ઠાને લઈને રેલ્વે તંત્ર જેવી વ્યવસ્થામાં પણ અમને સૌનો સહકાર મળી રહે છે તે પણ ઉલ્લેખનીય છે.

પ્રવાસમાં બાળકોનું નજીકથી નિરીક્ષણ કરવાની તક મળે છે. કેટલાંક બાળકો ખૂબ જ વ્યવસ્થિત જણાયા છે તો કેટલાકના કિસ્સામાં ઘર તરફથી કોઈ ઘડતર થતું હોય તેમ જણાતું નથી. પોતાની વસ્તુઓની સાચવણી,અન્યને મદદરૂપ થવાની વૃત્તિ, શું લેવું અને શું ન લેવું તેનો વિવેક, પરસ્પરના વ્યવહારની પધ્ધતિ,સૂચનાઓના અમલ પ્રત્યે લક્ષ જેવી અનેક બાબતો છે,જેમાં કેટલાંક બાળકો ખૂબ ઊણાં જણાયા છે અને તેની જવાબદારી માતાપિતાની હોય તેવું જણાય છે.

ટી.વી. ચેનલોની અસર પણ ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળી. આજુબાજુના સુંદર દ્રશ્યો જોવાનું બાજુએ મૂકીને અંતાક્ષરી જેવા કાર્યક્રમોનો રસ પ્રવાસની નિરર્થકતા જ બતાવે છે. આ ઉપરાંત ખાવાપીવાની બાબતમાં પણ જે અનિયમિતતા જોવા મળી તેની પણ નોંધ લેવી રહી. જમતાં પહેલાં જ થોડી વારે નાસ્તો કરવો તેમજ જમીને તરત જ નાસ્તો કરનારની સંખ્યા ઘણી વધારે. બજારું પીણાં તરફનો અનુરાગ તો આશ્ચર્ય થાય તેવો જણાયો. ગામડાંઓમાં મળતી કુલ્ફી જેવી હલકાં પ્રકારની ચીજોની ખરીદી સામે સતત તકેદારી રાખવી પડતી હતી.

જે પ્રદેશોમાં પ્રવાસ હોય તે પ્રદેશની આગોતરી માહિતી અને જોયા પછી તેની નોંધ કરનાર બાળકો અવશ્ય હતાં પણ તેની સંખ્યા ગણીગાંઠી જ હતી.

પ્રવાસમાં આવનારની મોટી સંખ્યાને કારણે આદર્શ પ્રવાસનું આયોજન કપરું તો ખરું જ, પરંતું પ્રવાસ ન કરવાં કરતાં થએલાં પ્રવાસમાંથી જે નિરીક્ષણ થયું તે પણ જરૂરી હતું. આમ છતાં કેટલાંક બાળકોના ઘડતર પ્રત્યે આજની પરિસ્થિતિમાં પણ વાલીઓએ કાળજી લેવી છે તે અભિનંદનીય અવશ્ય છે.

ઇન્દુભાઈ દવેનાં
વંદન

## "બાળકને પ્રવૃત્તિ જોઈએ છે"

" ગ્રીષ્મનો ધોમ ધખતો તાપ અને છોકરાઓને વેકેશન .....એવા તો અકળાઈ જવાય છે કે ન પૂછો વાત, છોકરાંઓને રજા હોય એટલે બપોરે ઘડીએ જંપવા ન દે... ને ગરમીનાં દિવસમાં કશું જ કરવાનું ય ન ગમે... વેકેશન એટલે છોકરાંઓને મજા ને આપણને સજા ".

કેટકેટલા વાલીઓનો આ પ્રતિભાવ સાંભળું છું ત્યારે મને થાય છે કે આપણે બાળકને યોગ્ય તબક્કે યોગ્ય પ્રવૃત્તિ આપી નથી શકતાં ને પરિણામે બાળક મૂંઝાય છે, કંટાળે છે, ધમાલ કરે છે, ત્યારે આપણે તેની અવગણના કરીએ છીએ, તેની ઉપેક્ષા કરીએ છીએ તેને બદલે આ અંગે વેકેશન પડતાં પહેલાં જ કોઈ નક્કર આયોજન હાથ ધરીએ તો!

મોટેભાગે આ ઉનાળું વેકેશનમાં કેટલાક પ્રવાસ યોજાય પણ તે ય કેટલા દિવસ ! અને ગરમીનાં એ દિવસોનાં એ પ્રવાસોમાં ય કેટલીક મર્યાદાઓ તો નડે જ. તો પછી બાળકને કોઈક વર્ગમાં મૂકીએ તો ! બાળ શિબિરમાં સામેલ કરી દઈએ તો ! ત્યાંય જગ્યા નથી એવો જવાબ મળે છે. બાળકોની સંખ્યાના પ્રમાણમાં આવા વર્ગો ને શિબિરો પણ ઓછાં પડે છે.. તો પછી એ બાળકો વેકેશનમાં કરે શું ?....

દરેક બાળકને તેના પાંચ-સાત મિત્રો તો હોય જ.. પછી તે ભલે ગમે તે ઊંમરનું હોય...એના એ મત્રોનું વર્તુળ શરૂ કર્યું હોય તો...! પણ તેમાં તેના મા-બાપે પણ સામેલ થવું જ પડે. પોતાનું બાળક જે કક્ષાનું હોય એને અનુકૂળ વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ તો લગભગ દરેક માને હોય જ પણ એકલા બાળકને એ પ્રવૃત્તિમાં મગ્ન રાખવું એ પણ મુશ્કેલ બને છે, બાળકને કંપનીની જરુર હોય છે. મિત્રો સાથે ભેગાં મળી તેને રમવું તો ગમે જ પણ પ્રવૃત્તિ પણ કરવી ગમે.. સાત આઠ આવા બાળકોની મમ્મી ભેગી થઈ વારાફરતી એક એક દિવસ બાળકને જુદી જુદી પ્રવૃત્તિ આપવાનું આયોજન કરે તો બાળકને રોજેરોજ વિવિધ પ્રવૃત્તિ મળી રહે, વાતાવરણની વિવિધતા મળે, મિત્રો સાથે હળી મળીને પ્રવૃત્ત રહેવાની મજા મળે, કંઈક કર્યાનો આત્મસંતોષ પણ મળે... પોતાનું બાળક સાતેક દિવસ આટલું સારું પ્રવૃત્ત રહી શકે તેના બદલામાં એક જ દિવસ એ બાળકોને પ્રવૃત્ત રાખવાનું આવે, તેમાં પછી તે વાર્તા ય કહે.... ગીતો ય ગવડાવે, રમતો યે રમાડે, કાતર કામ આપી શકે, ચિત્ર કરાવી શકે..... અરે ! નાનાં બાળકોને માટીકામ, મોતી કામ કેટકેટલી પ્રવૃત્તિ આપી શકાય! .....ને વળી મોટાં હોય તો સિવણ, સંગીત, રાંધણકળા, હસ્તઉદ્યોગ, કવીઝ,વિ. પ્રવૃત્તિઓ પણ આપી શકાય. "મારું બાળક છે ને તેને પ્રવૃત્ત રાખવા માટે મારે રસપૂર્વક વેકેશનની પ્રવૃત્તિનું આયોજન કરવું છે" તો જ એ શકય બને એ માટે ઔપચારિક શિબિર કે વર્ગોની જરુરત ન રહે... ને બાળકનું વેકેશન પણ હર્યુંભર્યું બની જાય.

ઊર્મિલા શાહ

# સંસ્થાનું ગૌરવ

અમદાવાદ શહેર સંચાલક મંડળના પ્રમુખ તરીકે સંસ્થાના નિયામક શ્રી દિનુભાઈ દવેની વરણી થઈ છે તે માટે સંસ્થા ગૌરવ અનુભવે છે.

નેશનલ બોર્ડ ઓફ હાયર મેથેમેટિક્સ તરફથી અખિલ ભારતીય કક્ષાએ લેવામાં -આવતી ઈન્ડીયન નેશનલ મેથેમેટીકલ ઓલમ્પિઆડ (આઈ.એન.એમ.ઓ.) માટે સંસ્થાના વિદ્યાર્થી શાહ અનુજ રાજુભાઈની રામાનુજ ગણિત સ્પર્ધાના પરીણામ પરથી પસંદગી કરવામાં આવી છે તે બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે. ચિ.અનુજને હાર્દીક અભિનંદન અને રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતને ગૌરવ અપાવે તેવી શુભેચ્છા.

એમ.જે. લાયબ્રેરીમાં 'સર્જનશીલા ' વિભાગ શરુ થતાં તેમાં સમાવાયેલા પુસ્તકના લેખિકા બહેનોને મ્યુનિસિપલ મેયર શ્રી ભાવનાબહેન દવેના હસ્તે શીલ્ડ આપવામાં આવ્યાં. આ સંસ્થાના કાર્યકર્તા બહેન શ્રી સુધાબહેન ભટ્ટને તે શીલ્ડ મેળવવા બદલ અભિનંદન.

**કોમ્પ્યુટર અને મલ્ટીકોર્સ વર્ગો:**

ઘણાં લાંબા સમયથી શાળામાં કોમ્પ્યુટર વર્ગો ચલાવવાની વાલીઓની માંગનો ગંભીરતાપૂર્વક વિચાર કરીને સંસ્થાએ જૂનથી શરુ થતાં નવા સત્રથી ઈતરપ્રવૃત્તિ તરીકે શાળાના સમય બાદ કોમ્પ્યુટર વર્ગો શરુ કરવાનું આયોજન વિચાર્યું છે. પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ ફોર લેડીઝના અને ફોટોગ્રાફીના વર્ગો પણ નવા સત્રથી શરુ થનાર છે.

**યુનિફોર્મ અંગે.....**

શાળાના યુનિફોર્મમાં કેનવાસના શુઝ અનિવાર્ય છે તેની નોંધ લેશો.

નવા સત્રથી ધો.૩ અને ૪ ના પાઠયપુસ્તકો બદલાય છે.

## આભાર દર્શન

સ્વ. દિપાલી શ્રીકાંતભાઈ શાહના સ્મરણાર્થે શાળાના બાળ પુસ્તકાલયને ૧૬૦ પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે બદલ - આભારની લાગણી વ્યકત કરું છું.

## કેસેટ:

ધોરણ ૧ તથા ૨ નાં કાવ્યોની કેસેટ તૈયાર થઈ ગઈ છે. કિંમત રૂ.૩૫/- . મુખ્ય ઓફિસમાંથી આ કેસેટ મળી શકશે.

**********

પાંચ વરસના ટાબરિયા સાથે કામ પાડવામાં ખરું જોખમ એ રહેલું છે કે જોતજોતામાં આપણે પણ ટાબરિયા જેવો વર્તાવ કરતાં થઈ જઈએ છીએ.

ઝાંકર

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૧૦-૨-૯૬ ને શનિવારના રોજ બાલમંદિરના બાળકોએ ઠાકોરભાઈ હોલમાં બાળ નાટિકા 'કોણ કહે કજિયાળો' ખુબ ભાવવાહીરીતે ભજવી. બાળકને તો પ્રકૃતિ સાથે મહાલવું ગમે, તેને આકાશના તારા, સમુદ્રના ઉછળતા મોજાં, ફૂલછોડ, સાથે નિજાનંદની મસ્તી ગમે ત્યારે એ બાળકને આપણે ઔપચારિક શિક્ષણનાં બંધનમાં બાંધવાનો પ્રયત્ન કરીએ છીએ, અને 'ભણતો નથી' કહી તેને મા,દાદાજી, બધાં જ ઠપકો આપે ત્યારે એ બાળકને ખૂબ દુઃખ થાય છે, એની એ અકળામણ એ કોને કહે? કહેવા જાય તો કજિયાળો કહીને તેની ઉપેક્ષા થાય.... ને પરિણામે એને કયાંય ચેન ન પડે,પણ ઊંઘમાં ય એ બાળક તો સ્વપ્નની દુનિયામાં જ , એ મસ્તીમા મહાલે છે, એના મોં ઉપર નિર્દોષ હાસ્યની રેખાઓ દેખાય છે ને તેની માને ત્યારે હૃદયમાં એકદમ સંવેદના થાય છે, કઈ માને તેનું બાળક વહાલું ન હોય! તે તેની પાસે બેસી તેને વહાલથી પંપાળે છે ને એ નિર્દોષ બાળક બધું જ ભૂલી જાય છે, 'ભૂલી શકવું અને ક્ષમા આપવી' ઈશ્વરે બાળકને આ બે મહામૂલી ભેટ આપી છે, ને પરિણામે એનું એ બાળપણ કિલ્લોલતું રહી શકે છે, બાળકના એ બાળપણને આપણે છીનવી ન લઈએ તો!....... સ્વ.કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મ શતાબ્દીનું વર્ષ ઉજવાઈ રહયું છે ત્યારે એમનાં બાળકાવ્ય 'કોણ કહે કજિયાળો'. ઉપરથી આ નાટિકાનું સંકલન કરવામાં આવ્યું. સુંદર અને યથાયોગ્ય વેશભૂષામાં સુસજ્જ થયેલા બાલમંદિરનાં એ નાનાં નાનાં ભૂલકાઓએ કલામય નૃત્ય, ભાવવાહી અભિનય અને સુરીલા સંગીતભર્યા વાતાવરણને સર્જીને સૌ કોઈના મન હરી લીધાં. તેમાં ય સંગીતમાં સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની આનતી શાહ અને વિદ્યાર્થી કેતવ લાખિયાના કંઠમાંથી તો બાળ હૃદયનાં ભાવ અને લાગણી અજબ રીતે વ્યકત થતાં હતાં. આખુંય વાતાવરણ જીવંત બની ગયું. ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને વાલી શ્રી અમીબેન ફોજદારે માના પાત્રને એમની અસરકારક ભૂમિકાથી મૂર્તિમંત બનાવ્યું. આખોય કાર્યક્રમ એક યાદગાર સંભારણું બની ગયો.

તા.૨૭-૨-૯૬ ને મંગળવારે તાલીમમંડળીના બાળકોની ચિત્ર હરિફાઈ યોજવામાં આવી. બાળકોએ મુકત મને રંગ અને રેખાથી તેમની અભિવ્યક્તિ રજૂ કરી.

તા.૧૧-૩-૯૬ ને સોમવારે તાલીમમંડળીના બાળકોની સુલેખન હરિફાઈ યોજાઈ. આટલી નાની ઊંમરથી બાળકના હાથના વળાંક અને કાબૂ ધન્યવાદને પાત્ર હતાં.

બાલનાટિકામાં સુંદર ભૂમિકા ભજવવા બદલ બાળકોને બિરુદ આપવામાં આવ્યાં.

તા.૨૦-૩-૯૬ ને બુધવારે ગુડીપડવા નિમિત્તે લીમડાના રસનો આસ્વાદ બાળકોએ માણ્યો,'મોં ને કડવું લાગે તે પેટને મીઠું લાગે' આરોગ્યનો આ સિધ્ધાંત બાળકોને બાળપણથી જ શીખવા મળે એ જરુરી છે. ને ત્યારબાદ સૌ બાળકોએ શીરો અને શાકનો પ્રસાદ માણ્યો.

# શિશુમંદિર

## આંતરગૃહ સ્પર્ધાઃ

**ક્રિસ્મસ ટ્રી ડેકોરેશન સ્પર્ધાઃ તા.૨૭-૧૨-૯૫**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | સૌમ્ય સ્માર્ટ | ગંગોત્રી |
| દ્વિતીયઃ | ઋતુ પ્રજાપતિ | રત્નદીપ |
| તૃતીયઃ | માનસી સ્માર્ટ | મેઘનાદ |

**ડાઈનીંગ ટેબલ ડેકોરેશન સ્પર્ધાઃ તા.૩-૧-૯૬**

| | | |
|---|---|---|
| ભાઈઓઃપ્રથમઃ | કૌશલ સોપારકર | ધવલગિરિ |
| | કયવન શાહ | ધવલગિરિ |
| દ્વિતીયઃ | માલવ પરીખ | ગંગોત્રી |
| | જસન પરીખ | ગંગોત્રી |
| બહેનોઃ પ્રથમઃ | એકતા શાહ | રત્નદીપ |
| | રિધ્ધિ શાહ | રત્નદીપ |
| દ્વિતીયઃ | લીપી શાહ | ગંગોત્રી |
| | વિધિ શાહ | ગંગોત્રી |

નિર્ણાયક તરીકે નિમિતાબહેન ભટ્ટે સેવા આપી.

**ઓરેગામી સ્પર્ધાઃ તા.૧૭-૧-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | જસન પરીખ | ગંગોત્રી |
| દ્વિતીયઃ | હર્ષ અમીન | ધવલગિરિ |
| | હર્ષ ત્રિવેદી | ધવલગિરિ |
| તૃતીયઃ | સૌમ્ય સ્માર્ટ | ગંગોત્રી |

**સૂર્ય નમસ્કાર સ્પર્ધાઃ તા.૨૦-૧-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | જલ્પન પરીખ | ધવલગિરિ |
| દ્વિતીયઃ | તપન દવે | રત્નદીપ |
| | હર્ષ ત્રિવેદી | ધવલગિરિ |
| તૃતીયઃ | મુકેશ પૂજારા | રત્નદીપ |

**ભરતની સ્પર્ધાઃ તા.૨૯-૧-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | કુનુર શાહ | રત્નદીપ |
| દ્વિતીયઃ | નેહા દવે | મેઘનાદ |
| | વિધિ શાહ | ધવલગિરિ |
| તૃતીયઃ | નૂપુર શાહ | ગંગોત્રી |
| | મિતાલી શાહ | મેઘનાદ |

**મૌલિક વાર્તાલેખન સ્પર્ધાઃ તા.૨૬-૨-૯૬**

પ્રથમઃ નિસર્ગ શાહ
દ્વિતીયઃ કાનન વૈદ્ય
તૃતીયઃ કોષા છત્રપતિ
તપન દવે.

**ઈકેબાના સ્પર્ધાઃ તા.૨૯-૨-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | ક્ષમા વ્યાસ | રત્નદીપ |
| દ્વિતીયઃ | ઋતુ પ્રજાપતિ | રત્નદીપ |
| | માનસી નાગોરી | ગંગોત્રી |
| તૃતીયઃ | કાનન વૈદ્ય | ગંગોત્રી |
| | નેહા દવે | મેઘનાદ |

નિર્ણાયક તરીકે શ્રી ફાલ્ગુનીબહેન વ્યાસે સેવા આપી.

**હેર-બ્રોચ સ્પર્ધાઃ તા.૭-૩-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | પૂજા પૂજારા | ધવલગિરિ |
| દ્વિતીયઃ | કાનન વૈદ્ય | ગંગોત્રી |
| તૃતીયઃ | કક્ષા ઝવેરી | ગંગોત્રી |

**કવીઝ : તા.૯-૩-૯૬**

પ્રથમઃ વૈભવ પુરાણી, નિસર્ગ શાહ, પંથેશ શાહ, મિહિર શાહ, મૌલિન ઠક્કર.
દ્વિતીયઃ મનન ગોસલીયા, રેવત લાખિયા, જીમી શાહ, શૈલ સંઘવી, હર્ષ શાહ.

**કલા પ્રતિભા શોધ સ્પર્ધાઃ**

ધો.૧ તથા ધો.૨
પ્રથમઃ શાહ નીવા
દ્વિતીયઃ રોહન શાહ, સાગર શાહ
તૃતીયઃ વૈશલ દલાલ, મોહલ શુકલ, હિરાતી ઠાકોર પાર્થ દેસાઈ

ધો. ૩ , ૪ , ૫
પ્રથમઃ પ્રતીક શાહ
દ્વિતીયઃ ક્રિષ્ના શાહ, નિરલ મોદી, જીનલ મહેતા
તૃતીયઃ પરિતા દેસાઈ, શેમોલી મહેતા, પ્રતીક શાહ

ધો. ૫ , ૬ , ૭
પ્રથમઃ કાનન વૈદ્ય
દ્વિતીયઃ કુંતલ પરીખ, કિંજલ પરીખ,જાઈ સેતલવાડ
તૃતીયઃ વૈભવ પુરાણી,કુંતલ પરીખ,જાઈ સેતલવાડ

**રમતોત્સવઃ**

ધોરણ ૧થી૪ નો રમતોત્સવ તા.૧૩-૧-૯૬ નાં રોજ યોજવામાં આવ્યો.બાળકોએ દેડકાં દોડ,શબ્દરમત,સંગીતખુરશો, સ્મરણશકિત,વિઘ્નદોડ,વિગેરે વિવિધ રમતોની મજા માણી.

ધોરણ ૫ થી ૭ નો રમતોત્સવ તા.૨૭-૧-૯૬ નાં રોજ યોજાયો જેમાં વ્યકિતગત રમતોની સ્પર્ધાઓ યોજાઈ. વર્ષ દરમ્યાન બાળકોએ નીચે પ્રમાણે હસ્તલિખિત અંકો તૈયાર કર્યા.
**વિચાર કલશ (હિન્દી), ચહેરાં-મહોરાં, માર્ગ-સંકેત,સૂર-ચંદ્ર, ઉત્સવ-દર્શન, સ્મૃતિ કંકણ,કાગળની કરામત, ઘર આંગણે.**

ઈત્તરપ્રવૃતિને અનુલક્ષીને થતી આંતરગૃહ સ્પર્ધામાં ગૃહો નીચે પ્રમાણે ક્રમ મેળવે છે.પ્રથમઃ રત્નદીપ,દ્વિતીયઃ ગંગોત્રી, તૃતીયઃ ધવલગિરિ, ચતુર્થઃમેઘનાદ.

**પ્રવાસઃ** તા.૧૬-૨-૯૬ થી તા.૨૦-૨-૯૬ સુધી ધો.૫ નો ઉદેપુર-રાણકપુરનો અને તા.૨૬-૨-૯૬ થી તા.૧-૩-૯૬ સુધી ધો.૪ નો મુંબઈ નો પ્રવાસ યોજાયો.

## વિનયમંદિર

### આંતર્ગૃહ સ્પર્ધાઓ:

**કેરમ સ્પર્ધા: તા.૨૯-૧૧-૯૫**

| | | |
|---|---|---|
| પ્રથમ: | પાવન ઓઝા | ગીતગોવિંદ |
| | દિપેન દેસાઈ | ગીતગોવિંદ |
| દ્વિતીય: | રૂદ્રેશ પંડયા | મેઘદૂત |
| | દર્શન ઠકકર | મેઘદૂત |

નિર્ણાયક તરીકે વિરાજ ફોજદાર તથા દેવાંગી શાહે સેવા આપી.

**ચિત્ર સ્પર્ધા: તા.૩૦-૧૧-૯૫**

| | | |
|---|---|---|
| પ્રથમ: | પંક્તિ સોમાણી | પદ્મપુકુર |
| દ્વિતીય: | અદીતિ શાહ | પદ્મપુકુર |
| તૃતીય: | રાજવી શાહ | પદ્મપુકુર |
| | ભૂમિકા ભગત | ગીતગોવિંદ |

**રંગોળી સ્પર્ધા: તા.૨-૧૨-૯૫**

| | | |
|---|---|---|
| પ્રથમ: | ધારા ત્રિવદી | ચંદ્રમૌલિ |
| દ્વિતીય: | ભૂમિકા ભગત | ગીતગોવિદ |
| | પંક્તિ સોમાણી | પદ્મપુકુર |
| તૃતીય: | શિરાલી શાહ | મેઘદૂત |

**ટેબલટેનીસ સ્પર્ધા: તા.૫-૧૨-૯૫**

પ્રથમ: મૃણાલ શાહ
દ્વિતીય: ચિરાગ સાફી
નિર્ણાયક તરીકે સર્જન શાહે સેવા આપી.

**નૃત્ય સ્પર્ધા: તા.૩૦-૧-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમ: | વાચા શુકલ | ગીતગોવિંદ |
| | પાયલ વસાવડા | મેઘદૂત |
| દ્વિતીય: | પંક્તિ સોમાણી | પદ્મપુકુર |

નિર્ણાયક તરીકે શ્રી પ્રીતીબહેન શાહે સેવા આપી.

**અંક સ્પર્ધા: તા.૧૬-૩-૯૬**

| | | |
|---|---|---|
| પ્રથમ: | 'યોગ' | મેઘદૂત |
| દ્વિતીય: | 'અવકાશ' | ગીતગોવિંદ |
| તૃતીય: | 'જુઓ અને જાણો' | પદ્મપુકુર |
| ચતુર્થ: | 'મેરા ભારત મહાન' | ચંદ્રમૌલિ |

**રમતોત્સવ:**

તા.૧-૨-૯૬ ના રોજ રમતોત્સવ યોજાઈ ગયો. જેમાં વ્યકતિગત અને સાંઘિક રમતોનું આયોજન કરવામાં આવ્યું.

આંતર્ગૃહસ્પર્ધાઓમાં વર્ષ દરમ્યાન થયેલી ઈતરપ્રવૃત્તિઓમાં પ્રથમ ગીતગોવિંદ, દ્વિતીય પદ્મપુકુર, તૃતીય મેઘદૂત અને ચતુર્થ ચંદ્રમૌલિ આવે છે.

ફેબ્રુઆરીમાં શ્રેણી ૧૧ ના વિદ્યાર્થીઓની અંગ્રેજીમાં ચર્ચા ગોઠવવામાં આવી. વિષય હતો 'ભારત દેશનું ભવિષ્ય ઊજળું છે કે નહીં?'.મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ આચાર્ય શ્રી દેવેન્દ્રભાઈ હાજર રહયાં હતાં, તેમણે પ્રેરક સૂચનો કર્યા.

## અભિનંદન:

અખિલ હિંદ મહિલા પરિષદ, એલીસબ્રીજ શાખા યોજીત શૌર્યગીત સ્પર્ધામાં શિશુમંદિરના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દ્વિતીય ઈનામ મેળવ્યું છે તે બદલ અભિનંદન.

**ચિત્ર:** ચાઈલ્ડ આર્ટ હૈદ્રાબાદ આયોજિત અંકલ બાબાજી ચિત્ર સ્પર્ધામાં નિરલ મોદીને રૌપ્યચંદ્રક મળ્યો છે.

લાયન્સ કલબ ઓફ નવરંગપુરા આયોજીત ચિત્ર સ્પર્ધામાં રૂચિ ચોકસીએ ત્રીજું ઈનામ મેળવ્યું છે.

મૌલાના આઝાદ મેમોરીયલ ટ્રસ્ટ આયોજિત ચિત્ર સ્પર્ધામાં નિરલ મોદીને પાંચમું સ્થાન પ્રાપ્ત થયું છે.

પૂ.મહાત્મા ગાંધીજીની ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે હૈદ્રાબાદના સાંસ્કૃતિક અને યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ આયોજિત મહાત્મા ગાંધીજીના ચિત્રની સ્પર્ધામાં શાશ્વત ઠાકોર, સ્તુતિ શાહ, ચાર્મી પટેલને સુવર્ણચંદ્રક, કાનન વૈદ્યને પ્રશસ્તિ પુરસ્કાર, મુંજાલ લાખિયા, હેલી શાહ, નિલય દેસાઈ, શ્રીધર અપ્પા, અનુશ્રી શાહ અને સોનમ શાહને જ્યુરી ગીફટ મળ્યાં છે.

અમદાવાદ મેડીકલ એસોસીએશન આયોજીત ચિત્ર સ્પર્ધામાં જીનલ મહેતાને ત્રીજું ઈનામ મળ્યું છે.

અમદાવાદ ટ્રાફીક પોલીસ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં જીનલ મહેતાને બીજું, શેમોલી મહેતાને આશ્વાસન ઈનામ મળ્યું છે.

કલાસાગર એકેડમી સેન્ટર આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિંતન સુતરીયાને તથા અનુશ્રી શાહને પારિતોષિક મળ્યું છે.

લલિતકલા પરિષદ (ન્યુ દીલ્હી) આયોજીત ચિત્ર સ્પર્ધામાં બંદીશ સોપારકરને સુવર્ણચંદ્રક, અનુશ્રી શાહને પ્રમાણપત્ર, દેવાંગી મુન્શીને પ્રમાણપત્ર, અર્પણ સોપારકરને સર્ટીફીકેટ, અન્વી શાહને સુવર્ણચંદ્રક, શાલ્વી શેઠને ચંદ્રક, કાનન વૈદ્યને પ્રમાણપત્ર મળ્યાં છે.

સત્યજિત ટ્રસ્ટ આયોજીત ચિત્ર સ્પર્ધામાં પ્રાપ્તિ પટેલને દ્વિતીય ઈનામ મળ્યું છે.

ગુજરાત સ્પોર્ટસ કલબ આયોજીત ચિત્ર સ્પર્ધામાં મોનિલ દલાલ ને દ્વિતીય ઈનામ મળ્યું છે.

**સ્કેટીંગ:** રાજપથ કલબ આયોજીત સ્કેટીંગ સ્પર્ધામાં બંસુ શાહને વિવિધ ઈનામો મળ્યાં છે.

સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ધન્યવાદ.

## શ્રધ્ધાંજલિ

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ માલવ શાંતીલાલ શાહના અકાળ અવસાનની નોંધ લેતા દુ:ખની લાગણી અનુભવું છું. ઈશ્વર સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી,મુદ્રક,પ્રકાશક: **દિનુભાઈ દવે**,આચાર્ય અને નિયામક, શારદામંદિર,અમદાવાદ ૩૮૦૦૦૭.